**<u>સેશન્સ કેસ નં.૩૬૭/૨૦૨૫</u>**

## <u>આંક–૧ નીચે હુકમ</u>

૧) સદર કામના આરોપીઓ–૧) ચેતનગીરી રૂપગીરી ગોસાઇ, ૨) જયંતિભાઇ ઇશ્વરભાઇ પટેલ, ૩) રમેશભાઇ લાલાભાઇ રાવલ, ૪) દિનેશકુમાર ઇશ્વરભાઇ પટેલ, ૫) રણછોડ હેમરાજદાસ પટેલ, ૬) પ્રવિણભાઇ માધવલાલ પટેલ, ૭) મોતીરામ મગનભાઇ પટેલ, ૮) દશરથ અંબારામ પટેલ, ૯) મદારજી તલાજી ઠાકોર, ૧૦) કાકાસિંગ શંકરસિંગ રાજપુત, ૧૧) લક્ષ્મણ સોનાજી પુરોહિત, ૧૨) વદનસિંગ શંકરસિંગજી, ૧૩) તામાજી તરસનજી ઠાકોર, ૧૪) મુકેશ જોઇતારામ પટેલ, ૧૫) કમલેશ અંબાલાલ પટેલ, ૧૬) ગુલાબજી કરશનજી રાજપુત અને ૧૭) દિનેશભાઇ નારાયણભાઇ પટેલ સામે સલાબતપુરા પો.સ્ટે.ફર્સ્ટ.ગુ.ર.નં.૩૯૯/૧૯૯૨ થી ઇ.પી.કો.કલમ–૧૮૮, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૪૨૭, ૪૩૬, ૪૩૫, ૩૯૫, ૩૨૪, ૩૨૫ તથા બી.પી.એકટની કલમ–૧૩૫ નો ગુનો નોંધવામાં આવેલ. બાદમાં તપાસના કામે આરોપીઓ સામે પુરતો પુરાવો મળી આવતાં ચાર્જશીટ કરવામાં આવેલ. સદર કામે આરોપીઓ જામીન ઉપર મુકત થયા બાદ હાજર થયેલ નથી જેથી તેઓની સામે અનેકવાર વોરંટ ઇસ્યુ કરવામાં આવેલા અને જામીનદારોને પણ નોટિસ ઇસ્યુ કરવામાં આવેલી તેમછતાં આ વોરંટ અને નોટિસ બજી આવેલા નથી.

૨) બાદમાં આરોપીઓ હાજર ન રહેતા ક્રિ.પ્રો.કો.કલમ–૮૨ તથા ૮૩ ના પ્રોસીડીંગ્સ પણ કરવામાં આવેલ તેમ છતાં આરોપીઓ આજદિન સુધી હાજર થયેલ નથી. આમ, ફરિયાદપક્ષ આરોપીઓને હાજર રખાવવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી વિ.સરકારી વકીલશ્રીએ આંક–૩ થી કલેકટરશ્રી અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી કચેરી, સુરતના તા.૨૧–૬–૨૦૨૫ ના હુકમ મુજબ સદર કેસો આગળ ચલાવવાના રહેતા નથી અને ભવિષ્યમાં આરોપીઓ મળી આવે તો તેઓની સામે આગળની કાર્યવાહી કરવાની રહેશે તે શરતે આ કેસ પરત ખેંચતાં હોય જેથી વિ.સરકારી વકીલશ્રીએ તે મતલબની આંક–૩ થી પુરસીસ રજૂ કરેલ છે અને સદર કેસ પરત ખેંચલ છે. જેથી આ કેસ આગળ ચલાવવાનો રહેતો નથી અને

હાલના તબકકે આ કેસ સરકારી વકીલશ્રીએ પરત ખેંચેલ હોય તે રીતે ફેંસલ કરવામાં આવે છે.

૩) ભવિષ્યમાં જો આરોપીઓ મળી આવે તો તેની સામે આ કેસ રીઓપન કરી આગળની કાર્યવાહી ચલાવવાની રહેશે.

સદર હુકમ આજરોજ તા.૧૧ મી, માહે–જુલાઇ સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૧૧/૦૭/૨૦૨૫
મુ.: સુરત
KPP

રાકેશ રજનીકાંત ભટ્ટ
અધિક સેશન્સ જજ, સુરત.
Code No. G.J.00608.